# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વલસાડ

પાંચમો માળ, જિલ્લા સેવાસદન-૧,

ફોન નં. (૦૨૬૩૨) ૨૫૪૨૨૮, ફેક્ષ નં. (૦૨૬૩૨) ૨૫૪૨૨૮

ઇ-મેઈલ :- vlsddeo@gmail.com, valsaddeo@gmail.com


જા.નં.RMSA/U-DISE/૨૦૧૭-૧૮ ૧૦૩૭૧ તા:- ૩૧/૦૭/૨૦૧૭

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી અને ગ્રાન્ટેડ, નૉન-ગ્રાન્ટેડ, CBSE/ISCE શાળાઓ તમામ
જિ. વલસાડ

વિષય - U-DISE ફોર્મમાં સુધારા અંગે.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે જે શાળાઓને U-DISE CODE મળેલ ન હોય અથવા અલગ કે નવો બનાવવાનો હોય તે શાળાઓએ નીચે મુજબની બાબતો ધ્યાનમાં લઈ U-DISE CODE અલગ કરાવવાનો રહેશે.

૧) જે શાળામાં ધોરણ ૧ થી ૧૨ કાર્યરત હોય અને શાળા મેનેજમેન્ટ(શાળાનું સંચાલન) અલગ હોય જેમ કે ધોરણ ૧ થી ૮ **નોન-ગ્રાન્ટેડ** હોય, ધોરણ ૯ થી ૧૦ ગ્રાન્ટેડ હોય અને ધોરણ ૧૧ થી ૧૨ **નોન-ગ્રાન્ટેડ** હોય તો પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક આમ તમામના U-DISE CODE અલગ કરવાના રહેશે. આમ તમામ માટે સામેલ U-DISE ફોર્મની નકલ અલગ અલગ આપવાની રહેશે.

૨) જે શાળામાં **ધોરણ ૯ અને ૧૦** (માધ્યમિક)નું સંચાલન **RMSA** અંતર્ગત હોય તેમનું મેનેજમેન્ટ RMSA શાળા (**રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન સ્કૂલ** -૧૩) રહેશે અને ક્રમિક **ધોરણ ૧૧ અને ૧૨** (ઉચ્ચતર માધ્યમિક) **સરકારી શાળા** અંતર્ગત ચાલતું હોય તેમનું સંચાલન સરકારી શાળા (**રાજ્ય સરકાર સંચાલિત** -૧) બતાવવાનું રહેશે. આમ બંને સંચાલનનો U-DISE CODE અલગ કરવાનો રહેશે. આમ તમામ માટે સામેલ U-DISE ફોર્મની નકલ અલગ અલગ આપવાની રહેશે.

3) જો કોઈ શાળાના નામમાં કે બીજો કોઈ પણ સુધારો કરવાનો હોય તો તે તમામ શાળાઓએ સામેલ U-DISE ફોર્મની નકલ ભરીને આપવાની રહેશે.

આમ, ઉપરોક્ત જે શાળાઓને U-DISE CODE મળેલ ન હોય અથવા અલગ કે નવો બનાવવાનો હોય કે શાળાના નામમાં કે બીજા કોઈ સુધારા કરવાના હોય એ તમામ શાળાઓએ સામેલ પત્રકની પ્રમાણિત

નકલ દિન-૨ માં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વલસાડ ખાતે **RMSA** શાખામાં DMIS - કલ્પેશ પટેલને રૂબરૂ આપવાની રહેશે. પાછળથી કોઈ પણ સુધારા કરી શકાશે નહીં જેની જે તે શાળાઓના આચાર્યશ્રીએ ખાસ નોંધ લેવી.

નોંધ: સામેલ પત્રક ભરીને પ્રમાણિત નકલ લાવવાનું રહેશે અને જો ગયા વર્ષનું પત્રક ભરેલ હોય તો તેની નકલ પણ સાથે અચૂકથી લાવવાનું રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
વલસાડ

બિડાણ:
પત્રક